# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૬ તા.૫-૧૦ -૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- રોજનીશીને બદલે 'સાપ્તાહિક શૈક્ષણિક આયોજન' નોંધ લખવા અંગે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ચાલુ સપ્તાહમાં તમામ શાળાઓમાં **''સાપ્તાહિક શૈક્ષણિક આયોજન''** નોંધપોથી પહોંચાડેલ છે. તા.૧૦-૧૦-૧૬ થી શરૂ થતાં સપ્તાહથી સાપ્તાહિક શૈક્ષણિક આયોજન નોંધ લખવાની રહેશે. આ અંગે વિસ્તૃત તાલીમ તા.૮-૧૦-૧૬ના રોજની ક્લસ્ટર તાલીમમાં આપવામાં આવશે. આથી ક્લસ્ટર તાલીમમાં તમામ શિક્ષકશ્રીઓ તેમનાં સી.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા જણાવેલ સ્થળે તાલીમમાં દરેક શિક્ષકે **'સાપ્તાહિક શૈક્ષણિક આયોજન'** પોથી સાથે લઈને જ આવવું.

આ તાલીમમાં દરેક મુખ્ય શિક્ષકશ્રી (ઈન્ચાર્જ મુખ્ય શિક્ષક સહિત) એ પણ સવારે ૭-૦૦ થી ૮-૩૦ કલાક દરમ્યાન સાપ્તાહિક શૈક્ષણિક આયોજન નોંધપોથી સાથે પોતાના ક્લસ્ટરમાં બિનચૂક હાજર રહેવું. આ સમય પછી મુખ્ય શિક્ષકશ્રીઓએ પોતાની શાળામાં બાળકોના મધ્યાહન ભોજન માટે અગાઉના પરિપત્ર અનુસાર કામગીરી કરવાની રહેશે.

તા.૬-૧૦-૧૬ થી તા.૮-૧૦-૧૬ સુધીની નિભાવેલ તમામ રોજનીશીઓ જે-તે શિક્ષકશ્રીએ સાચવવાની રહેશે. વાર્ષિક નિરીક્ષણ વખતે તેને પણ રજૂ કરવાની રહેશે.

તા.૫ -૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :- તા.૬-૧૦-૧૬ના રોજ ટાગોર હૉલ કાર્યક્રમમાં બપોરપાળીની દરેક શાળામાંથી બે-બે શિક્ષકોએ આવવાનું જણાવેલ હતુ. તેના બદલે હવે બપોરપાળીની શાળાઓમાંથી એક-એક શિક્ષકોએ આવવાનું રહેશે.